**<u>નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯૨૫૧૨૬૪/૨૦૨૫ ના કામે અરજદાર તારકેશસિંહ મહન્થસિંહ રાજપૂતનાઓની મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજી લગત હુકમ</u>**

(૧).. અરજદારની અરજી વંચાણે લીધી તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ વિગેરે વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા ત.ક. અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો.

(૨).. અરજદારે સદર ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન **HERO** કંપનીની **SPLENDOR+** ટુ–વ્હીલર ગાડી જેનો રજી. નં. **GJ-21-BG-0293** જેનો ચેસીસ નં. **MBLNAR079HSE02716** તથા એન્જીન નં. **HA10AGHSE08061** ની પરત મેળવવા માટેની અરજી કરેલી છે. અરજદારની સદરહું અરજીના અનુસંધાનમાં સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ કરેલ મૌખિક દલીલો તથા ત.ક. અમલદારનો લેખિત અભિપ્રાય ધ્યાને લીધો.

(૩).. હવે સદર ગુનાના કામે ત.ક.અ.શ્રી ધ્વારા કરવામાં આવેલું પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેતાં સદરહું મુદ્દામાલ વાહન **HERO** કંપનીની **SPLENDOR+** ટુ–વ્હીલર ગાડી આ કામના આરોપી પાસેથી પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ છે. હવે પોલીસ ધ્વારા કરવામાં આવેલું પંચનામું, મુદ્દામાલ પાવતી તથા અરજદાર તરફે રજુ કરવામાં આવેલા સદર મુદ્દામાલ વાહન **HERO** કંપનીની **SPLENDOR+** ટુ–વ્હીલર ગાડીની આર.સી. બુક તથા અરજદારના આધારકાર્ડ તથા ડ્રાઈવિંગ લાઈસન્સની નકલને ધ્યાને લઈ હાલમાં સદરહું મુદ્દામાલ વાહન **HERO** કંપનીની **SPLENDOR+** ટુ–વ્હીલર ગાડીના એક માત્ર માલિક અને તેના કબજેદાર

અરજદાર છે અને તેના બીજા કોઈ દાવેદાર નથી. વધુમાં આ કામે રજુ થયેલ પોલિસ અભિપ્રાય વંચાણે લેતાં તેમાં સદરહું મુદ્દામાલ અરજદારને પરત સોંપવા અંગે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. હવે મુદ્દામાલ વાહન, જે અરજદારની રોજબરોજની જરૂરિયાતનું સાધન છે અને જો તે લાંબો સમય પો.સ્ટે. માં પડી રહે તો તેના સ્પેર પાર્ટસને નુકશાન થવાનો સંભવ છે અને તેથી અરજદારને આર્થિક નુકશાન જાય તેમ છે. વધુમાં **<u>૨૦૦૩ (૧), જી.એલ.એચ. પાન નં. ૩૦૭, ના. સુપ્રિમ કોર્ટ, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>** ના ચુકાદામાં ના. સુપ્રિમ કોર્ટે મુદ્દામાલ પરત આપવા અંગે માર્ગદર્શક સુચના આપેલી છે તેને ધ્યાને લેતાં મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપવા યોગ્ય જણાઈ આવે છે, ત્યારે વચગાળાના તબકકે યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ વાહન અરજદારને પરત આપવાનું હું ન્યાયી માનું છું. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>-: હુ ક મ :-</u>**

1. અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
2. નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯૨૫૧ ૨૬૪/૨૦૨૫ ના કામે મુદ્દામાલ **HERO** કંપનીની **SPLENDOR+** ટુ-વ્હીલર ગાડી જેનો રજી. નં. **GJ-21-BG-0293** જેનો ચેસીસ નં. **MBLNAR079HSE02716** તથા એન્જીન નં. **HA10AGHSE0806** છે જે મુદ્દામાલ પાવતીમાં જણાવેલી કિંમત **રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અરજદાર આપ્યેથી સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ ટુ-વ્હીલર ગાડી નીચે જણાવેલી શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે હાલના અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :–

1. સદરહું મુદ્દામાલ વાહન નામદાર અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં વિના વિલંબે અરજદારે, તેમના ખર્ચે અત્રેની અદાલતમાં રજુ કરવાનો રહેશે.
2. આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ઉપરોકત મુદ્દામાલ વાહન અરજદારે કોઈને વેચાણ કરવો, કરાવવો નહિ કે ટ્રાન્સફર કરવો, કરાવવો નહિ કે કોઈના કબજે સોંપવો નહિ કે તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો, કરાવવો નહિ.
3. મુદ્દામાલ વાહનનો કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો, કરાવવો નહિ.
4. અરજદારે સદર મુદ્દામાલ વાહનમાં નામદાર કોર્ટની પરવાનગી વગર તેમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો, કરાવવો નહીં અને યથાવત સ્થિતિમાં મુદ્દામાલ વાહન રાખવાનું રહેશે.
5. અરજદારે મુદ્દામાલના જામીન તથા બોન્ડ સંબંધિત પોલિસ સ્ટેશનમાં રજુ કરવા.
6. અરજદાર ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતોનો ભંગ કરે તો મુદ્દામાલ અગર તો જામીનગીરીની રકમ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

હુકમ આજ તા. ૧૬મી માહે : માર્ચ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : નવસારી.
તા.૧૬/૦૩/૨૦૨૬.

**(એ. સી. મલેક)**
બીજા અધિક ચીફ જ્યુ. મેજી.,
નવસારી. GJ-01131